સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ



# સ્મિતનું શૌર્ય



**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

શૌર્ય, ધૈર્ય, હિંમત, ફરજ, જવાબદારી, એકાગ્રતા, સ્વસ્થતા, ઈષ્ટની શરણાગતિ અને સ્મરણ અસ્તિત્વ અને વ્યકિતત્વનાં ધારક, ચાલક અને પ્રેરક બળો છે. એટલું જ નહીં અસ્તિત્વ સાથે જોડાયેલા ભાવો છે. સમયે સમયે એ ભાવો પોતાનો પ્રભાવ પાથરે છે અને મનુષ્યનો એ સ્વભાવ બની જાય છે. આ પ્રભાવ અને સ્વભાવ જીવનને ઉદાર, ઉન્નત અને ઉદાત્ત બનાવે છે. જીવનની પ્રતિભા, પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ બને છે, જે માણસને સમગ્ર સમાજમાં, રાષ્ટ્રમાં અને વિશ્વમાં સર્વોચ્ચ સ્થાને પ્રસ્થાપિત કરે છે. હમણાં જ ભારતના, ગુજરાતના સપૂત કેપ્ટન સ્મિત મચ્છરનાં શૌર્ય, હિંમત અને ધૈર્યની વાતો ક્ષણભરમાં સમસ્ત વિશ્વમાં ફેલાઈ ગઈ અને સ્મિતને પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠાના સર્વોચ્ચ સિંહાસને પ્રસ્થાપિત કર્યો એ હકીકત આપણે સૌ જાણીએ છીએ એટલી એની વિગતમાં નથી ઊતરતો પણ સમગ્ર ઘટનાનાં કેટલાંક પાસાં મારી દૃષ્ટિએ લોકોને, સૌ સત્સંગીઓને ઉપકારક અને માર્ગદર્શક બની શકવા સક્ષમ છે એની ચર્ચા કરવાનો મારો ઉપક્રમ છે.

સૌ પ્રથમ તો સ્મિતે હનુમાન ચાલીસાનો પાઠ કર્યો.એટલું જ નહીં સમગ્ર મચ્છર પરિવારમાં હનુમાન ચાલીસાનો પાઠ કરવાનો નિયમ છે. આ વાત ઘણી મહત્ત્વની અને નોંધપાત્ર છે. દરેક પરિવારના દરેક સભ્યે પોતાના પરિવારમાં પોતાના ઈષ્ટની નિત્ય નિયમિત ઉપાસના,સ્મરણનો નિયમ બનાવવો જરૂરી છે. ઈષ્ટની શરણાગતિ અને સ્મરણ આવી કટોકટીની વિકટ પળોમાં ઢાલ બનીને માણસનું રક્ષણ કરે છે. આ પ્રસંગના સંદર્ભમાં, ખાસ કરીને હનુમાન ચાલીસાના પાઠની વાત કરીએ તો હનુમાન ચાલીસા સનાતન ધર્મની મહત્ત્વની સ્તુતિ છે. એની શરૂઆતની પંકિત યાદ કરીએ તો ‘બલબુદ્ધિ વિદ્યા દેહુ મોહિ’ માં જ બળ અને બુદ્ધિ આપવાની પ્રાર્થના છે. પછીની પંક્તિ છે ‘સંકટ કટે, મિટે સબ પીરા, જો સુમિરે હનુમત બલબીરા.’ જે વ્યકિત હનુમાનની સ્તુતિ- સ્મરણ કરે તેનાં સઘળાં સંકટો નાશ પામે છે. ‘હનુમત બલબીરા’ શબ્દોમાં હનુમાનના બળનો ઉલ્લેખ થયેલો છે. હનુમાન એટલા બળવાન છે કે તેના સ્મરણથી સઘળી પીડા દૂર થઈ જાય છે. વધુમાં જાણીએ તો પૂ. બાપજી રંગ-અવધૂત મહારાજે હનુમાન ચાલીસાના પાઠથી જ દત્તબાવનીની રચના કરી હતી. તુલસીદાસને ઔરંગઝેબે કેદ કર્યા ત્યારે હનુમાન ચાલીસાની રચનાથી આખું નગર વાંદરાઓથી ઘેરાઈ ગયું હતું. આખરે તુલસીદાસને મુક્ત કરવા પડયા. છેલ્લાં થોડાં વર્ષોમાં મારી બા મને હનુમાન ચાલીસાનો પાઠ કરવા સતત જણાવતી હતી અને કહેતી હતી કે હનુમાન ચાલીસા કરવાથી બળ-બુદ્ધિ મળે. કેવું બળ મળે તે સ્મિતના આ પ્રસંગથી સમજાય છે. હનુમાન ચાલીસાના પાઠની વાત કરીને સ્મિતે- સમગ્ર પરિવારે સનાતન ધર્મની ધજા સમસ્ત વિશ્વમાં લહેરાવી છે. જેઓ રામ-સેતુ બાંધવામાં સહાયક બન્યા, આખા પર્વતને ઊંચકી લાવવાનું જેમનામાં સામર્થ્ય છે તેવા હનુમાન આ કળિકાળમાં ઉજાગર થઈ રહ્યા છે. સૌએ પોતપોતાના ઈષ્ટની ઉપાસનાની સાથે સાથે હનુમાન ચાલીસાના પાઠનો પણ નિત્ય ક્રમમાં સમાવેશ કરવો જોઈએ એમ આના પરથી ફલિત થાય છે.

> સ્મિતનો સમગ્ર પ્રસંગ સમસ્ત વિશ્વને સમજાવે છે કે પરિસ્થિતિ ગમે તેટલી વિષમ-વિકટ કેમ ન હોય, હિંમત ન હારવી, ઇષ્ટના સ્મરણનું સાતત્ય જાળવવું અને ધીરજથી આગળ વધ્યે જવું, માણસના પ્રત્યેક પગલે ઇશ્વરની ઉપસ્થિતિ હશે, પ્રત્યેક શ્વાસમાં એની શકિતનો સંચાર હશે જ

હવે વાત રહી સ્મિતના શૌર્યની,હિંમતની. કહેવત છે ને કે ‘હિંમતે મર્દા તો મદદે ખુદા’ માણસ જીવનની કટોકટીમાં, વિકટતામાં હિંમત રાખે તો ઈશ્વર મદદ કરે છે. ઈશ્વર મદદ કરે પણ ઈશ્વરીય મદદનું અનુસરણ કરવામાં હિંમત જરૂરી છે. જો કે હિંમત પણ ઈશ્વરીય સ્મરણનું જ પરિણામ, પ્રાપ્તિ છે. ચાલીસાના પાઠથી છરીના ઘા ઝીલવાની શકિત આવી. એ જ શક્તિ અને પ્રેરણાથી કોકપિટનો દરવાજો ખોલવાની પ્રેરણા મળી. એ જ શકિતએ પેલા હુમલાખોરને જેર કરવાની શકિત મળી કે જેના હાથમાં છરી હતી. હનુમાન ચાલીસાના પાઠથી સ્મિતને શક્તિ મળી, રક્ષણ થયું. તે સાથે સૌ મુસાફરોનું રક્ષણ થયું. એ પવનપુત્રે પવન વેગે વિમાનને પોતાના કબજામાં લઈ લીધું હશે અને પર્વતની જેમ ઊંચકીને સફળ ઉતરાણ કરાવ્યું હશે એમ મારી કલ્પના સમજાવે છે.

કૃષ્ણે પણ કહ્યું જ છે ને કે હું તો તને રસ્તો બતાવું પણ તારી લડાઈ તો તારે જ લડવાની છે. સ્મિતે હુમલાખોરોનો જે રીતે સામનો કર્યો તેમાં હનુમાનની સૂક્ષ્મ ઉપસ્થિતિ જ કારણભૂત બની હશે. સ્મિતનો સમગ્ર પ્રસંગ સમસ્ત વિશ્વને સમજાવે છે કે પરિસ્થિતિ ગમે તેટલી વિષમ-વિકટ કેમ ન હોય, હિંમત ન હારવી, ઈષ્ટના સ્મરણનું સાતત્ય જાળવવું અને ધીરજથી આગળ વધ્યે જવું. માણસના પ્રત્યેક પગલે ઈશ્વરની ઉપસ્થિતિ હશે. પ્રત્યેક શ્વાસમાં એની શકિતનો સંચાર હશે જ એ અનુભૂતિનો વિષય છે. સ્મિતે શૌર્ય, ધૈર્ય અને હિંમતથી પોતાનું, પોતાના સંસાર- પરિવારનું અને સમગ્ર વિશ્વનું સ્મિત જાળવવાનું સૌભાગ્ય મળ્યું એ અભિનંદન અને અભિવાદનને પાત્ર છે. એટલું જ નહીં સૌથી મહત્ત્વની અને નોંધપાત્ર વાત તો એ છે કે સમસ્ત વિશ્વમાં અનોખી શાંતિ પ્રસ્થાપિત કરવામાં- રાખવામાં સ્મિતનું શૌર્ય સફળ થયું. એટલું જ નહીં પોતાને અને સમગ્ર ભારતને બહુ મોટી શક્ય અને સંભવિત બદનામીમાંથી ઊગારી પોતાનાં માતા-પિતાનું, કુળનું નામ રોશન કર્યું, સમગ્ર ભારતને સ્મિતની સર્વોચ્ચ ભાવાનુભૂતિમાં તરબોળ કર્યું તે ભાવિનો ભાતીગળ ઈતિહાસ છે. ઈશ્વર સૌને આવાં શૌર્ય, ધૈર્ય અને હિંમત આપે તેવી પ્રાર્થના કરી વિરમું છે.

# ઓશો : શિક્ષાથી પ્રેમ



**ઓશો વાણી**

> શીખવાનું સૂત્ર છે વિનમ્રતા–હ્યુમિલિટી. શીખવાનું સૂત્ર છે નિરહંકારિતા પરંતુ અહીં તો બધાંના અહંકારને ઉશ્કેરવામાં આવી રહ્યા છે તેમના અહંકારને આગ લગાવવામાં આવી રહી છે

આપણે સંગીત શીખવા માગતાં હોઈએ તો શીખવાનો એક રસ્તો એવો છે કે આપણે બીજાઓથી આગળ નીકળી જવાની કોશિશમાં ઉતાવળ અને તાણમાં આવી જઈએ. તો શું આપણે એ જ્વરમાં સંગીત શીખી શકીશું? બીજા લોકો આપણાથી આગળ ન નીકળી જાય, આપણને પાછળ ન પાડી દે, આપણું અપમાન ન કરી દે, આપણે ક્યાંક બેઈજ્જત ન થઈ જઈએ, આપણું ક્યાંક અપમાન ન થઈ જાય, આપણે ક્યાંક નિષ્ફળ સાબિત ન થઈ જઈએ, ક્યાંક આપણે દુનિયામાં ‘નો-બડી’ એટલે કે કોઈ જ ન ગણાઈએ, આપણે તો ‘સમ-બડી’ એટલે કે કંઈક બનવું છે, આગળ વધવું છે, કોઈકના કરતાં કંઈક બનીને બતાવવું છે, તો શું આપણે આ દોડમાં સંગીત શીખી શકીશું? પરંતુ શું એ સંગીત પ્રત્યેનો પ્રેમ હશે કે અહંકારનો પ્રેમ હશે? અને જ્યારે એ અહંકારનો પ્રેમ હશે ત્યારે સંગીત કેવી રીતે શીખી શકાય? શીખવા માટે તો વિનમ્રતા જોઈએ પરંતુ આ શિક્ષણ અહંકાર જ શીખવે છે, વિનમ્રતા શીખવતું નથી. જો કે શિક્ષક નારાજ છે અને કહે છે કે ‘વિદ્યાર્થીઓમાં વિનમ્રતા નથી’ પરંતુ તેમનામાં વિનમ્રતા કેવી રીતે હોઈ શકે? જ્યારે આપણે વિદ્યાર્થીઓને એ શીખવીએ છીએ કે “તમે બીજાઓથી આગળ નીકળી જાઓ,” ત્યારે આપણે તેમને અહંકાર શીખવીએ છીએ, ઈગો શીખવીએ છીએ. તો તેમનામાં વિનમ્રતા કેવી રીતે હોઈ શકે? આ વાત જ ખોટી છે. તેમનામાં વિનમ્રતા ક્યારેય હોઈ જ ન શકે અને હોવી પણ ન જોઈએ કારણ કે આપણે તેમને અહંકાર શીખવી રહ્યા છીએ “બીજાઓથી આગળ નીકળી જાઓ.” જ્યારે તે બીજાઓથી આગળ નીકળે છે ત્યારે જ તેની વિનમ્રતા નષ્ટ થઈ જાય છે અને તે અહંકારથી પીડિત થઈ જાય છે. પછી જ્યારે બધા લોકો અહંકારથી પીડિત થઈને કંઈક મેળવવાની દોડમાં લાગી જાય છે, ત્યારે તેઓ સંગીત શીખી શકતા નથી. દુનિયામાં બીજું કંઈ પણ શીખી શકતા નથી. શીખવાનું સૂત્ર છે વિનમ્રતા–હ્યુમિલિટી. શીખવાનું સૂત્ર છે નિરહંકારિતા પરંતુ અહીં તો બધાંના અહંકારને ઉશ્કેરવામાં આવી રહ્યા છે તેમના અહંકારને આગ લગાવવામાં આવી રહી છે કે “તમે આગળ નીકળો, તમારે યુનિવર્સિટીમાં સુવર્ણચંદ્રક મેળવવાનો છે, તમારે ભારતરત્ન બનવાનું છે કોઈએ રાષ્ટ્રપતિ બનવાનું છે”, કોઈએ કંઈક બનવું છે. બધાં લોકોના મનમાં ઈર્ષ્યાની આગ પ્રગટાવવામાં આવી રહી છે અને અહંકારને ઉત્તેજિત કરવામાં આવી રહ્યો છે. તો તેઓ સંગીત કેવી રીતે શીખશે? ગણિત કેવી રીતે શીખશે? કારણ કે કંઈ પણ શીખવા માટે ...જીવનનું તત્ત્વ તેઓ કેવી રીતે શીખશે? કંઈ પણ શીખવા માટે વિનમ્રતા જોઈશે. કંઈ પણ શીખવા માટે અપ્રતિસ્પર્ધી, નોન-એમ્બિશસ માઈન્ડ જોઈએ. એવું મન જે સતત સ્પર્ધા અને મહત્ત્વાકાંક્ષાની દોડમાં ન હોય. હા, શીખવાનો બીજું એક સૂત્ર પણ હોઈ શકે છે અને તે સૂત્ર છે–સંગીત પ્રત્યેનો પ્રેમ, સંગીતકાર સાથે સ્પર્ધા નહીં, પરંતુ સંગીત સાથે પ્રેમ, નજીકના વિદ્યાર્થી સાથે સ્પર્ધા નહીં પરંતુ જે વિષય આપણે શીખવા માગીએ છીએ તેના પ્રત્યે તલ્લીનતા, તેના પ્રત્યે આનંદ અને તેના પ્રત્યે પ્રેમ. યોગ્ય એ છે કે આપણે ગણિત પ્રત્યે પ્રેમ શીખવીએ, બીજા ગણિત શીખનાર પ્રત્યે સ્પર્ધા ન શીખવીએ. યોગ્ય એ છે કે આપણે સંગીત પ્રત્યેના પ્રેમને જન્મ આપીએ, બીજા સંગીત શીખનાર પ્રત્યેની સ્પર્ધાને જન્મ ન આપીએ. નિશ્ચિતપણે સંગીત શીખી શકાય છે સંગીતના પ્રેમને કારણે અને ત્યારે જ સંગીત શીખી શકાય છે, જ્યારે આપણે કોઈ વસ્તુને પ્રેમ કરીએ છીએ, ત્યારે જ શીખવું શક્ય બને છે આખરે, બધું શીખવું એટલે પ્રેમનું અનુસરણ કરવું. પરંતુ આપણા અંતરમાં પ્રેમ શીખવાડવામાં નથી આવતો,આપણી શિક્ષાને પ્રેમ સાથે કોઈ સંબંધ નથી.

(ઓશો: ‘શિક્ષા મે ક્રાંતિ’ પુસ્તકમાંથી સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે)